ધી ગવર્મેન્ટ ઓફિસર્સ ચેરિટેબલ ક્લબ અને પ્રયાસ ફાઉન્ડેશન દ્વારા પગરખા વિતરણ કરાયા

પાટણ, તા. ૧

ઉનાળાના દિવસોમાં ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે અને શાળાઓમાં પરીક્ષાઓ પુર્ણતાના આરે હોઈ વેકેશનની મજા માણવા બાળકો થનગની રહ્યા છે ત્યારે પાટણ જીલ્લાના લોક સેવાને વરેલા એવા જીલ્લા કલેક્ટર આનંદ પટેલની પ્રેરણા થકી ગુજરાત સ્થાપના દિને ધી ગવર્મેંટ ઓફિસર્સ ચેરિટેબલ એન્ડ રીક્રીએશન ક્લબ અને પ્રયાસ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્રાથમિક શાળાના બાળકોને ઉનાળાની ગરમીમાં પોતાનું આરોગ્ય સાચવી અને વેકેશનની મજા લાઈ શકે તે હેતુથી પગરખા વિતરણ કરી માનવસહજ સંવેદનાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ.

પાટણ શહેરની ઠક્કરબાપા કન્યા શાળા ખાતે આજ રોજ જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. પારેખના હસ્તે ઠક્કરબાપા કન્યા શાળાના ૩૮૦, ઠક્કરબાપા કુમાર શાળાના ૩૨૪, મેનાબા પ્રાથમિક શાળાના ૬૧ જેટલા બાળકોને સેવાની ભાવનાથી પગરખા વિતરણ કરી ગુજરાત સ્થાપના દિનની ઉજવણીને સાર્થક કરતા પરમ આદરણીય ઈન્દુચાચાની સેવાકીય ભાવનાને ચરિતાર્થ કરી હતી. આ તબક્કે જિલ્લા વિકાસ અધિકારીએ કલેક્ટરના ઉમદા પ્રયત્નને બિરદાવી આવા પ્રસંગોઅન્ય લોકોને પ્રેરણાદાયી બની રહેતા હોય છે તેમ જણાવી અધિકારીઓની સંવેદના વ્યક્ત કરી હતી અને સેવાકીય પ્રવૃત્તિઓની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આ તબક્કે ઓફિસર્સ કલબના અધિકારીઓ પ્રાંત અધિકારી ડી.બી. ટાંક, ખેતીવાડી અધિકારી શૈલેષભાઈ પટેલ, નાયબ નિયામક (વિ.જા) વિઠ્ઠલભાઈ પટેલ, ચીફ ઓફિસર આર.એચ. પટેલ, નાયબ જિલ્લા શિક્ષણ અધિકારી બી.એન. પટેલ, જિલ્લા માહિતી કચેરીના અધિકારી ડી.પી. પટેલ, પ્રયાસ ફાઉન્ડેશનના મયંકભાઈ, પારસભાઈ સહિતના અધિકારીઓ અને સમાજસેવકો તેમજ કર્મચારીઓ અને શાળાનો શિક્ષકગણ ઉપસ્થિત રહી સમાજ સેવાના આ પ્રેરણારૂપ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ તબકકે જરૂરીયાતમંદ બાળકોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીના સમાજસેવી અભિગમને હકારાત્મક આવકાર મળ્યો હતો અને સમાજને એક પ્રેરણા પુરી પાડનાર ઉદાહરણ મળી રહ્યુ છે ત્યારે આવનારા સમયમાં સેવાકીય પ્રવૃત્તિઓને વેગ મળશે અને તેનો લાભ જિલ્લાના જરૂરીયાતમંદ સુધી પહોંચશે.

ભ્રષ્ટ શાસકો પાસેથી હું ગુજરાતને મુક્ત કરાવીશ : શંકરસિંહ

ગાંધીનગર,તા.૧

શંકરસિંહ વાઘેલા અમદાવાદના નહેરૂ બ્રીજ પાસે આવેલી ઈન્દુચાચાની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી અને જણાવ્યું હતું કે 'ભય ભૂખ અને ભ્રષ્ટાચારવાળા ભ્રામક સૂત્રોથી બીજેપી સરકાર સત્તા કબ્જે કરવામાં સફળ થઈ છે, હકિકતમાં આજે ગુજરાતની પ્રજા ભયથી ધ્રૂજે છે, ભૂખમરાથી સબડે છે. વિચિત્ર ચાલ ચરિત્રહિનતા અને બનાવટી ચહેરાવાળા, અને રાજ્ય અને દેશ કરતાં પોતાનો પક્ષ મહાન તેવી માન્યતા ધરાવતા ભાજપ રક્ષકના બદલે ભક્ષક બન્યો છે. ભાજપે ગરવી ગુજરાતને વરવી ગુજરાત બનાવ્યું છે. ભાજપના ભ્રષ્ટ શાસકો પાસેથી ગુજરાતને મુક્ત કરાવવા માટે હું ઝઝૂમીશ ગુજરાતને બીજેપીમાંથી મુક્ત કરાવવા માટે હું ઝઝૂમીશ'

આ કાર્યક્રમ બાદ ગાંધીનગર ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં શંકરસિંહ વાઘેલાએ કહ્યું, ''ભાજપના સાશનના કારણે રાજ્ય પર ૨.૫ લાખ કરોડનુંદેવું છે. પેપ્સીકો અને ખેડૂતોની જે લડત ચાલે છે તેમાં પેપ્સી કો અને ખેડૂતોને કહીએ કે કોર્ટ કેસ ન કરે અને કરશે તો પેપ્સી કોને ગુજરાતમાં નો એન્ટ્રી કરીશું. હાલમાં ૧૦,૦૦૦ ગામડામાં પીવાના પાણીની સમસ્યા છે. મોદી સાહેબનું નિવેદન છે બંગાળમાં કે ૪૦ જેટલા ધારાસભ્યો તેમના સંપર્કમાં છે, આ કોઈ પણ પ્રધાનમંત્રીને ન શોભે તેવું નિવેદન છે જે ન કરાય પરંતુ મોદી સાહેબે કહ્યુ છે. જો મોદી સાહેબના સંપર્કમાં ૪૦ હોય તો ભાજપ અને મહારાષ્ટ્રમાં પણ ધારાસભ્ય દુઃખી છે, હોર્સ ટ્રેડિંગ તો ન કરાય. હું તમારા માધ્યમથી કહેવા માંગુ છું, ભાજપે હિસાબ આપવાના બદલે હું ઘરમાં જઈને મારીશ.

શંકરસિંહ વાઘેલાએ વધુમાં કહ્યું, ''આરડીએક્સ ભરેલી ગાડી ગુજરાતના રજિસ્ટ્રેશન વાળી હતી. મારા મતે પુલવામામાં જવાનોને મારી નાંખવાનું કાવતરૂં હતું. પુલવામામાં આતંકવાદીઓ પર જે હુમલો થયો તે પછી બાલાકોટનું કાવતરૂં હતું.

વકીલોની રજૂઆત : ગાંધીનગર કોર્ટ સંકુલમાં પીવાના પાણીના પ્રશ્ને વકીલોએ અધિક કલેક્ટર સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. ઠંડા પાણી અને ગંદકીના પ્રશ્ને મુદ્દાસર રજૂઆત થતાં અધિક કલેક્ટર શ્રી જાડેજાએ સ્થળ પર જઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું અને તાત્કાલિક સુવિધાપૂર્ણ સ્થિતિ માટે જરૂરી આદેશો કર્યા હતા.

વિસાવદરમાં એક પણ બોરીમાંથી હલકી ગુણવત્તાનો માલ નથી મળ્યો : રાદડિયા

તુવેર કાંડ મામલે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોની વચ્ચે રાજ્યના પુરવઠા મંત્રી જયેશ રાદડિયાએ ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે કેશોદમાંથી ખરીદાયેલી તુવેરમાંથી સરકારે ૩૨૪૧ બોરી સીલ કરી હતી. આ માલમાંથી તપાસના અંતે ૩૧,૦૦ બોરી તુવેર હલકી ગુણવત્તાની જણાતાં સરકારે જ પરક મોકલી દીધી હતી. તેમણે કહ્યું હતું કે સરકાર કોઈને છાવરવા માંગતી નથી આ મામલે કોઈને છોડવામાં નહીં આવે.

ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં તેમણે જણાવ્યું, ''કેશોદ તુવેર પ્રકરણમાં મેં પ્રથમ દિવસે જ્યારે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ૩૧,૦૦ બોરીની હલકી ગુણવત્તાની બોરી સામે આવી તેને રિજેક્ટ કરવામાં આવી હતી. આ આખું પ્રકરણ કોઈએ બહાર પાડ્યું તેવું નથી, સરકારે જ આ માલ રિજેક્ટ કર્યો હતો.

બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા આઈ-ખેડૂત પોર્ટલમાં અરજી કરો

મહેસાણા, તા. ૧

બાગાયત ખેતી કરતા તમામ પ્રકારના ખેડૂતો માટેની જિલ્લામાં અમલી રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં વિવિધ ઘટકો જેવા કે વેલાવાળા શાકભાજી પાકો માટે કાચા ટેકા, અર્ધા કાચા ટેકા અને પાકા ટેકાથી વેલાવાળા શાકભાજી પાકોની ખેતી કરવા, બાગાયતી પેદાશોના પેકીંગ મટરીયલ્સની ખરીદી માટે, મીની ટ્રેકટર (૨૦ પી.ટી.ઓ. પાવર સુધી), સ્વયં સંચાલિત મશીનરી, ડ્રીપ ઈરીગેશન પાણીના ટાંકા બનાવવા માટે, શોર્ટીંગ-ગ્રેડીંગ સાધનો (તાડપત્રી અને પ્લાસ્ટીક કેરેટ) ખરીદવા, ફુલ પાકોના કરેલ વાવેતર માટે અને તમામ પ્રકારના ફળપાકોના વાવેતર માટે અને પ્રોજેક્ટ બેઝ જેવા કે, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, પ્લગ નર્સરી, કોલ્ડ સ્ટોરેજ, ટીસ્યુ કલચર લેબ, પોટેટો ગ્રેડર સેડ વિગેરે જેવા વિવિધ ઘટકો માટે સરકાર દ્વારા આ યોજનામાં આ ઘટકોમાં આર્થિક સહાય આપવામાં આવે છે.

આ તમામ ઘટકોમાં લાભ લેવા માંગતા જિલ્લાના તમામ ખેડૂતો પાસેથી સરકારના **ikhedut.protal** ના માધ્યમ મારફત તારીખ ૩૧ મે ૨૦૧૯ સુધી ઓનલાઈન અરજી કરી તેની પ્રિન્ટ કાઢી નિયત જગ્યાએએ ખેડૂતે સહિ કરી જરૂરી સાધનિક કાગળો અને તેની પાછળ બિડાણ કરી નિયત સમયમાં નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નંબર એસ-૨, બ્લોક નંબર ૧, બહુમાળી ભવન મહેસાણા ખાતે જમા કરવા નાયબ બાગાયત નિયામક મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

ડીસા ડેપોમાં એસ. ટી. નિગમના સ્થાપના દિનની દબદબાભેર ઉજવણી

ડીસા, તા. ૧

પહેલી મે એટલે ગરવા ગુજરાત રાજ્યનો સ્થાપના દિવસ અને વિશ્વ કામદાર દિવસ હોવાનું સૌ કોઈ જાણે છે. પરંતુ ગુજરાત રાજયની સ્થાપનાના પ્રથમ દિવસથી જ કાર્યરત થઈ ગયેલા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ એટલે કે એસ.ટી. નિગમનો પણ આજે સ્થાપના દિવસ છે એ ખૂબ ઓછા લોકો જાણે છે. ત્યારે એસ.ટી.નિગમના વર્તમાન વહીવટી સંચાલક સોનલબેન મિશ્રાની સૂચનાથી આજે એસ.ટી.નિગમના તમામ વિભાગો અને ડેપો ખાતે પ્રથમવાર ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં રચનાત્મક કાર્યક્રમો સાથે નિગમના સ્થાપના દિનની દબદબાભેર ઉજવણી કરાઈ હતી. તદ્અનુસાર, ડીસા ડેપો ખાતે પણ આજે પાલનપુર ખાતેની વિભાગીય એસ.ટી. કચેરીના મદદનીશ હિસાબી અધિકારી જાગૃતિબેન ચૌધરીના અધ્યક્ષસ્થાને નિગમના સ્થાપના દિવસની દબદબાભેર ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે ડીસા ડેપોના વર્કશોપ ખાતે યોજાયેલી કામદાર બેઠકમાં ડેપો મેનેજર આર.એમ. ચૌધરી, વર્કશોપ મેનેજર અલ્પેશભાઈ સોલંકી, કર્મચારી મંડળના પાલનપુર વિભાગના પ્રમુખ રણજીતસિંહ હડિયોલ, ભારતીય મજદૂર સંઘના વિભાગીય મહામંત્રી દિપકભાઈ નાયક તેમજ મજૂર મહાજન યુનિયનના વિભાગીય પ્રમુખ જવાનસિંહ રાજપૂત સહિત અન્ય અધિકારીઓએ ઉપસ્થિત રહી પ્રાણઘાતક અકસ્માતો નિવારવા તેમજ નિગમની આવક વૃદ્ધિ માટે જાગૃત બની પરિણામલક્ષી પ્રયાસો કરવા ડેપોના કામદારોને હાકલ કરી હતી.

આ પ્રસંગે કામદારોને ગરમી સામે રક્ષણ આપવા માટે ઓઆરએસના પેકેટ તેમજ ચોકલેટનું વિતરણ પણ કરાયું હતું. આ કાર્યક્રમ સંપન્ન થયા બાદ ડીસાના નવા બસ સ્ટેન્ડ સંકુલમાં અધિકારીઓનાં હસ્તે વૃક્ષારોપણ કરી બાળતરુંઓના જતન અને સંવર્ધન માટે ટ્રીગાર્ડ લગાવી નિયમિત પાણીના સિંચન માટે ટપકપદ્ધતિના ઉપકરણો પણ ફિટ કરાયા હતા. ડીસા ડેપોના અશોકભાઈ પ્રજાપતિ, કિરણભાઈ દવે, દિનેશભાઈ પટેલ, શાંતુભાઈ પટેલ, રતિલાલ ચૌહાણ સહિત અન્ય કામદાર અગ્રણીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

હવે કુમાર પ્રકાશને શૈક્ષણિક ટેકનોલોજીમાં એન્ટ્રી કરી

મોબાઇલ એપ ડાઉનલોડ કર્યા બાદ જે તે વિષય કે ટોપીક ઉપર કલીક કરતાં તે બાબત અંગે તમામ માહિતી ઉપલબ્ધ

અમદાવાદ,તા. ૧

વર્ષ ૨૦૧૯-૨૦થી ગુજરાતમાં એનસીઈઆરટી કોર્સ અમલી બનવા જઈ રહ્યો છે ત્યારે આજે તા.૧લીમેના રોજ ગુજરાત રાજયના સ્થાપના દિને શૈક્ષણિક ટેકનોલોજીની દુનિયામાં કુમાર પ્રકાશન કેન્દ્રએ ઐતિહાસિક ક્રાંતિ સર્જતા ધોરણ-૯થી ૧૨ના અભ્યાસમાં મોબાઈલ એપ્લીકેશન ફ્રી ઓગમેન્ટેડ રિઆલિટી, થ્રી ડી વીડિયો લાઈવ લોન્ચ કર્યા છે, જેને પગલે આ વિદ્યાર્થીઓ માત્ર ગુજરાત કે ભારત જ નહી પરંતુ વિશ્વકક્ષાએ શૈક્ષણિક સ્પર્ધામાં ટક્કર આપી શકશે. આ અનોખી અને ઐતિહાસિક ટેકનોલોજીની વિશેષતા એ છે કે, વિદ્યાર્થીઓ કોઈપણ બુકમાં મોબાઈલ એપ ડાઉનલોડ કર્યા બાદ જે તે સબ્જેકટ કે ટોપીક પર કલીક કરતાં જ તે બાબત તેના મોબાઈલ કે ટેબલેટ-નોટપેડમાં થ્રી ડી મોડેલમાં લાઈવ બની જાય છે. એટલે સુધી કે, આખી લેબોરેટરી કે તે સંબંધિત અભ્યાસ કે ડેમો પણ વિદ્યાર્થી તેની હથેળીમાં જ લાઈવ સમજી શકશે. વિદ્યાર્થી ઘરમાં બેઠાબેઠા કે, બહાર કોઈ સ્થળે કે ટ્રાવેલીંગ દરમ્યાન પણ પોતાના મોબાઈલ કે ટેબલેટ-નોટપેડ પર આ ઓગમેન્ટેડ રિઆલિટી અને થ્રી ડી લાઈવના એહસાસ સાથે પોતાનો શૈક્ષણિક અભ્યાસ કરી શકશે જે બહુ મોટી વાત કહી શકાય એમ કુમાર પ્રકાશન કેન્દ્રના સ્થાપક શ્રી હેતલ શાહે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શૈક્ષણિક ટેકનોલોજીની દુનિયામાં કુમાર પ્રકાશન કેન્દ્રની આ ઐતિહાસિક હરણફાળ છે. આજે તા.૧લી મે ગુજરાત સ્થાપના દિને પુસ્તકો સાથે ડિજિટલાઈઝેશન મેળવવાના અમારા સ્થાપક વડીલોના સ્વપ્રને પરિપૂર્ણ કરવા માટે કુમાર પ્રકાશન કેન્દ્ર દ્વારા ગુજરાતી ભાષામાં મોબાઈલ એપ્લીકેશન ફ્રી ઓગમેન્ટેડ રિયાલિટી (એઆર) પ્લસ ૩ ડી વિડિઓ દર્શન લોન્ચીંગ કરવાનો અમને ગર્વ અને ખુશી છે. ગુજરાતમાં વર્ષ૨૦૧૯-૨૦થી એનસીઈઆરટી કોર્સ અમલી બનવા જઈ રહ્યો છે, ત્યારે રાજયમાં પહેલીવાર કુમાર પ્રકાશન કેન્દ્ર દ્વારા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનના વિષયને સરળ રીતે સમજવા ફ્રી ઓગમેન્ટેડ રિયાલિટી (એઆર) પ્લસ ૩ ડી વિડિઓ દર્શન મોબાઈલ એપ્લીકેશન ગુજરાતી ભાષામાં રજૂ કરવામાં આવી છે. આ એપ્લિકેશનની મદદથી અને કુમાર દર્પણ ગ્રંથોના વ્યાપક ઉપયોગ દ્વારા, ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા ગુજરાતના ધોરણ ૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે અન્ય વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકશે. દૂરના ગામોમાં વસતા વિદ્યાર્થીઓ પણ આ એપ્લિકેશન મદદથી અને ૩ડી વિડિઓ દર્શનનો ઉપયોગ કરીને તેમની કુશળતા વિકસાવી શકશે. કુમાર પ્રકાશન કેન્દ્રના સ્થાપક શ્રી હેતલ શાહ અને પંકજ શાહે વધુમાં ઉમેર્યું હતું કે, એક ચીની કહેવત છે કે, એક ચિત્ર હજાર શબ્દોની કિંમત છે, હજાર શબ્દોમાં ટેકસ્ટની સામગ્રીને વાંચવા છતાં પણ વિદ્યાર્થીઓ ક્યારેક સંપૂર્ણ રીતે સમજી શકતા નથી, પરંતુ રંગીન ચિત્રને જોઈને તે કોઈપણ વિદ્યાર્થીઓ માટે સમજવું શક્ય બનશે. આ એપ્લિકેશન શાળા અથવા ઘરે ક્યાંય વર્ચ્યુઅલ વર્ગખંડમાં પ્રયોગશાળા બનાવશે. પ્રયોગશાળામાં ઉપલબ્ધ ન હોય તેવા ઉપકરણો મોબાઈલ અથવા ટેબ્લેટનો ઉપયોગ કરીને ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાનના વિષયમાં આવતી આકૃતિઓ સરળ રીતે સમજી શકશે અને વિદ્યાર્થીઓ આનંદ અને ધૈર્ય સાથે વર્ચ્યુઅલ બાબતોના વિગતવાર અભ્યાસમાં ઉત્કૃષ્ટ પરિણામો મેળવી શકશે.

ઈઝમાયટ્રિપ ગુજરાતમાં પોતાની કામગીરી વધારશે

અમદાવાદ, તા. ૧

ભારતની અગ્રણી ઓનલાઈન ટ્રાવેલ એગ્રીગેટર્સ પૈકીના એક ઈઝામાયટ્રિપે ગુજરાતમાં પોતાના ગ્રાહકો માટે બેસ્ટ ડિલ્સ રજૂ કરી છે. હાલમાં ઈઝમાયટ્રિપ ગુજરાતમાંથી આશરે ૬.૫ ટકા યુઝર ધરાવે છે અને કંપની ચાલુ વર્ષના અંત સુધીમાં રાજમયાં યુઝરની સંખ્યામાં ઓછામાં ઓછો ૨૦ ટકાનો વધારો કરવાની યોજના ધરાવે છે. અમારા ગ્રાહકો અમદાવાદ, સુરત, રાજકોટ, ગાંધીનગર, જામનગર, ભૂજ, ભાવનગર અને ગુજરાતના અન્ય સ્થળોમાંથી છે.

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રની વૃદ્ધિને સમજીને કંપનીએ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ પર રૂ. ૫૦૦ અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ રૂ. ૨૦૦૦નું ડિસ્કાઉન્ટ ઓફર કર્યું છે, જે ગુજરાતનાં ગ્રાહકો માટે જ છે. આ માટે તેમણે ઈઝમાયટ્રિપ દ્વારા ફ્લાઈટ બુક કરવાની જરૂર છે અને તેમના ફ્લાઈટનાં બુકિંગ પર આકર્ષક ડિસ્કાઉન્ટનો લાભ લેવા પ્રોમો કોડ "EMTGUJARAT" એપ્લાય કરવો પડશે.

આ અંગે ઈઝમાયટ્રિપનાં સહસ્થાપક અને સીઈઓ નિશાંત પિટ્ટિએ કહ્યું હતું કે 'ગુજરાત સુંદર રાજ્ય છે અને પ્રવાસન ક્ષેત્ર માટે ઊંચી સંભવિતતા ધરાવે છે. રાજ્ય વેપારીઓ અને વ્યાવસાયિકો માટેનું કેન્દ્ર છે. દેશનાં વિવિધ વિસ્તારોમાંથી આવાતં કેટલાંક પ્રવાસીઓ અહીં વ્યાવસાયિક તકો શોધવા આવે છે તથા તેઓ ભવ્ય આકર્ષણો, સ્વાદિષ્ટ વાનગીઓ અને મેળાઓ અને ઉત્સવો દ્વારા રાજ્યની સુંદરતા અને સંસ્કૃતિથી પ્રભાવિત થાય છે. એટલે અમે જોયું હતું કે ઈઝમાયટ્રિપ આ વિસ્તારમાં કામગીરી વધારવાની સારી તક ધરાવે છે. આ કારણસર અમે ગુજરાતમાં ગ્રાહકો માટે કેટલીક પ્રમોશનલ ઓફર્સ રજૂ કરી છે અને આ રાજ્યમાં અમારાં ગ્રાહકોની સંખ્યા વધારવા અને બજારહિસ્સો વધારવા આ પ્રકારની ઘણી ઓફર પ્રસ્તુત કરીશુ.'

ડીસામાં ઘઉંની સાથે મસાલા ભરવાની મોસમ

ડીસા પંથકની મહિલાઓ ઉનાળો આકરો તપવા લાગતા જ ઘરે બારેમાસ ચાલે તેટલા ઘઉંની સાથે મસાલા ભરવાના કામમાં લાગી જાય છે. મહિલાઓની આ વર્ષો જૂની આદતને લઈ બજારમાં વિવિધ વેરાયટીના ઘઉં અને મસાલા ઠલવાયા છે પરન્તુ ગણતરીબાજ મહિલાઓ ઘઉં તો પેકિંગમાં ખરીદે છે પણ મસાલા તો નજર સામે ખરીદવાનો આગ્રહ રાખે છે. તેથી ડીસાના મરચા બજાર તરીકે ઓળખાતા સુભાષચોકમાં મસાલા ખરીદવા મહિલાઓ ઉમટી પડે છે. ગરમીની પરવા કર્યા વગર મહિલાઓ ભાવતોલ કરી મસાલા ખરીદે છે અને નજર સામે દળાવીને ઘરે લઈ જાય છે. મહિલાઓના ટોળેટોળાંથી બજાર ઉભરાય છે. અહીંથી પસાર થતા જ મસાલાની મહેક તાજગી બક્ષે છે. હાલમાં મરચાનો કિલો દીઠ ભાવ રૂ.૧૫૦ થી ૨૨૦ છે જયારે હળદરના રૂ. ૧૫૦ થી ૧૬૦ અને ધાણા-જીરૂનો ભાવ રૂ.૧૪૦ થી ૧૬૦નો બોલાઈ રહ્યો છે. તેમ છતાં મહિલાઓ હોંશભેર મસાલાની ખરીદી કરી રહી છે.

આતંકી જાહેર ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ વર્ષમાં કરવામાં આવેલા પ્રયાસોને ફટકો પડી રહ્યો હતો. મસુદ અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવા માટે ચાર વખત પ્રયાસ થયા હતા. સૌથી પહેલા ૨૦૦૯માં ભારતે પ્રસ્તાવ મુક્યો હતો. ત્યારબાદ ૨૦૧૬માં ભારતની સાથે સાથે અમેરિકા અને બ્રિટને સાથે મળીને પ્રસ્તાવ મુક્યો હતો. સંયુક્ત રાષ્ટ્રની ૧૨૬૮ પ્રતિબંધ પરિષદની સમક્ષ આ પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. આ દેશોના સમર્થનની સાથે જ ભારતે ૨૦૧૭માં ત્રીજી વખત પ્રસ્તાવ મુક્યો હતો. આ તમામ પ્રસંગોએ ચને વીટોનો ઉપયોગ કરને અચડણો ઉભી કરી હતી. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસ તરફથી મસૂદ પર પ્રતિબંધ મુકવા માટે પ્રસ્તાવ લાવવામાં આવ્યા બાદ ચીને માર્ચ મહિનામાં પણ વીટોનો ઉપયોગ કર્યો હતો. જો કે, આખરે ચીને શરણાગતિ સ્વીકારી છે. વૈશ્વિક દબાણ સમક્ષ ચીન ઝુંક્યું છે. ફ્રાંસે ૧૫મી માર્ચના દિવસે મસૂદ અઝહર પર રાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધ મુક્યો હતો.

છૂપો હુમલો ● અનુસંધાન પહેલાનું ચાલુ

વાહનોને આગ ચાંપી દીધી હતી. ત્યારબાદ ક્વિક રિસ્પોન્સની ટીમના કમાન્ડો ઘટનાસ્થળ માટે રવાના થયા હતા. આ કમાન્ડો નક્સલવાદીઓનો પીછો કરીને જમ્મુખેડા ગામની નજીક પહોંચ્યા ત્યારે નક્સલવાદીઓએ પ્રચંડ વિસ્ફોટ કર્યો હતો. આ હુમલો ગઢચિરોલીમાં વન્ય વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટબાદ પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. ગોળીબારની રમઝટ વચ્ચે નક્સલવાદીઓ ફરાર થઈ ગયા હતા. એમ માનવામાં આવે છે કે, મહારાષ્ટ્રમાં શાંતિપૂર્ણરીતે થઈ રહેલા મતદાનના પરિણામ સ્વરુપે નક્સલવાદીઓ લાલઘૂમ થયેલા છે જેના પરિણામ સ્વરુપે આઈઈડી બ્લાસ્ટને અંજામ આપવામાં આવ્યો હતો. આ પહેલા મહારાષ્ટ્ર દિવસના પ્રસંગે ગઢચિરોલીમાં નક્સલવાદીઓએ ખાનગી કોન્ટ્રાક્ટરોના ત્રણ ડઝન જેટલા વાહનોને આગ ચાંપી દીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સત્તાવાર ટ્વિટર હેન્ડલથી નક્સલવાદી હુમલામાં શહીદ થયેલા જવાનો પ્રત્યે દુખની લાગણી વ્યક્ત કરી છે. મોદીએ કહ્યું છે કે, તમામ સાહસી જવાનોને સલામ કરે છે. તેમના બલિદાનને ભુલાવી શકાશે નહીં. શોકસંતપ્ત પરિવારોની સાથેની સાથે તેમની ભાવના રહેલી છે. હુમલાખોરોને કોઈ કિમતે છોડવામાં આવશે નહીં. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે પણ આ હુમલા અંગે દુખ વ્યક્ત કર્યું છે અને કહ્યં છે કે, ગઢચિરોલી-સી-૬૦ ફોર્સના ૧૬ જવાન આ હુમલામાં શહીદ થયા છે. તેમણે કહ્યું હતું કે, રાજ્યના ડીજીપી અને ગઢચિરોલીના એસપીના તેઓ સંપર્કમાં છે. મહારાષ્ટ્રના ડીજીપી સુબોધ જયસ્વાલે પત્રકાર પરિષદ યોજીને કહ્યં હતં કે, નક્સલવાદીઓના હુમલામાં ૧૫ જવાન શહીદ થયા છે. ડ્રાઈવરનું પણ મોત થયું છે. આ ઘટનાનો જડબાતોડ જવાબ આપવા માટે અમારી તૈયારી છે. અમારી પાસે ક્ષમતા છે.

ઈંતજાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અયોધ્યામાં ગૌરીગંજના માયાબજારમાં રેલીમાં આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો તો અને કહ્યું હતું કે, આતંકવાદીઓની ફેક્ટ્રીઓ પડોશમાં હજુ પણ ચાલી રહી છે. આતંકવાદી હજુ સુધર્યા નથી. યોગ્ય તકની રાહ જોઈ રહ્યા છે. આતંકવાદીઓના ખાત્મા માટે હજુ પણ વધુ કામ કરવાની જરૂર છે. ત્રાસવાદીઓ દેશમાં નબળી સરકારની રાહ જોઈ રહ્યા છે. તક મળતાની સાથે જ હુમલા કરી શકે છે. સાવધાનીમાં ચુક થવાની સ્થિતિમાં જે રીતે હાઈવે ઉપર અકસ્માત થઈ શકે છે તેવી જ રીતે ત્રાસવાદ સામે પણ સાવચેત રહેવાની જરૂર છે. સપા અને બસપા ગઠબંધન ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. સપા, બસપા અને કોંગ્રેસનું વલણ આતંકવાદીઓને લઈને ખુબ નબળું રહ્યું છે જેથી સાવચેતી જરૂરી છે. મોદીએ આ રેલીમાં જય શ્રીરામના નારા લગાવ્યા હતા. મોદીએ ઉમેર્યું હતું કે, અયોધ્યામાં દિપક તો હજારો વર્ષોથી પ્રગટાવવામાં આવે છે પરંતુ હવે જે દિવાળી મનાવવામાં આવે છે તેની નોંધ સમગ્ર દુનિયા લઈ રહી છે.

મોદીના હાથમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જનસભાને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, સપા અને બસપાની નીતિ ખતરનાક રહેલી છે. સપા અને બસપાને ડરપોક તરીકે ગણાવીને રાહુલે કહ્યું હતું કે, આ તમામ લોકો મોદીથી ભયભીત થયેલા છે અને તેમની સામે કોઈ નિવેદન કરી શકતા નથી. કોંગ્રેસ પાર્ટીએ ભાજપની સામે ચોકીદાર ચોર હૈનો નારો આપ્યો છે પરંતુ સપા અને બસપાના નેતાઓ દ્વારા આ નારો ક્યારે પણ લગાવવામાં આવ્યો નથી. આના કારણ આપતા રાહુલે કહ્યું હતું કે, તમામ લોકો મોદીથી ખુબ જ ભયભીત દેખાઈ રહ્યા છે. રાહુલના આ નિવેદન ઉપર અખિલેશ યાદવે પણ આકરી પ્રતિક્રિયા આપી છે. તેઓએ કોંગ્રેસને વિશ્વાસઘાતી તરીકે ગણાવીને આક્ષેપ કર્યો છે કે, તેમના અને તેમના પિતા મુલાયમસિંહ યાદવની સામે સીબીઆઈનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને ભાજપને એક ગણાવીને અખિલેશે કહ્યું હતું કે, કોઈનાથી કોઈ ભય નથી. લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસના મહાગઠબંધનમાં સામેલ થવાને લઈને અટકળો ચાલી રહી હતી. કોંગ્રેસને કેટલીક બેઠકો આપવાના મુદ્દે પણ વાત થઈ હતી. આખરે કોંગ્રેસને ગઠબંધનમાં સામેલ કરવામાં આવી ન હતી. જેથી કોંગ્રેસે એકલા હાથે ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હતો.

આંદોલન પૂર્ણ... ● અનુસંધાન ચેલ્લાનું ચાલુ

ગણાવાયું હતું. તો, બીજી તરફ એસપીજીના લાલજી પટેલ અને કોંગ્રેસના ગીતાબહેન પટેલે હજુ અનામત આંદોલન ચાલુ હોવાનું જણાવ્યું હતુ. જેને લઈ સમગ્ર મામલો ગરમાયો હતો. પાછળથી હાર્દિક પટેલે પણ સ્પષ્ટતા કરી હતી કે, જયાં સુધી પાટીદારો સામેના તમામ કેસો પાછા નહી ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. બેઠક પહેલા રાજકોટ આવેલા હાર્દિકે જણાવ્યું હતું કે, સમાજના આગેવાનોએ જવાબદારી સ્વીકારી છે. બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો હતો જેમાં બે ખોડલધામ, બે ઉમિયાધામ અને બે પાસના મળી ૬ સભ્યોની કમિટી રચાશે. બેઠક બાદ નરેશ પટેલે જણાવ્યું હતું કે, આવતા અઠવાડીયે કમિટી બનાવી સરકારમાં વાત મુકીશું. આ બેઠકનો મુખ્ય મુદ્દો અલ્પેશ કથિરીયાની જેલમુક્તિ અને અન્ય પાટીદાર યુવાનો પર થયેલા કેસ પર ચર્ચા કરવાનો જ હતો. આ મુદ્દો કોર્ટ મેટર છે પરંતુ કાયદાની પ્રક્રિયાને ધ્યાને લઈ સરકાર કંઈ રીતે યુવાનોને છોડવ